# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

SGCCI

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


---

રેફ નં. તા: ૩૦/૧૧/૨૦૨૨

તંત્રીશ્રી, __________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરના પ્રતિનિધિ મંડળે રેડીમેડ ગારમેન્ટ બનાવી એકસપોર્ટ કરતી ઝીલિયોન એકસપોર્ટની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી

## રેડીમેડ ગારમેન્ટ બનાવવાની તથા તેને પેકીંગ કરીને એકસપોર્ટ કરવા સુધીની પ્રક્રિયા વિષે ચેમ્બરના સભ્યોએ જાણકારી મેળવી : હિમાંશુ બોડાવાલા

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના પ્રમુખ હિમાંશુ બોડાવાલા, ઉપ પ્રમુખ રમેશ વઘાસિયા, તત્કાલિન ભૂતપૂર્વ પ્રમુખ આશીષ ગુજરાતી, માનદ્ મંત્રી ભાવેશ ટેલર, ભૂતપૂર્વ પ્રમુખ દિનેશ નાવડિયા, ગૃપ ચેરમેન કમલેશ ગજેરા, ગૃપ ચેરપર્સન ડો. બંદના ભટ્ટાચાર્યના નેજા હેઠળ ચેમ્બર ઓફ કોમર્સના ૬૦ જેટલા સભ્યોના પ્રતિનિધિ મંડળે બુધવાર, તા. ૩૦ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ રેડીમેડ ગારમેન્ટ બનાવતી તથા એકસપોર્ટ કરતી ઝીલિયોન એકસપોર્ટ કંપનીની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ હિમાંશુ બોડાવાલાએ જણાવ્યું હતુ કે, ચેમ્બર ઓફ કોમર્સનો ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ પાછળનો મુખ્ય હેતુ બિઝનેસ ડેવલપમેન્ટનો છે. ચેમ્બરના સભ્યો તેમજ દક્ષિણ ગુજરાતના ઉદ્યોગ સાહસિકો વિવિધ ક્ષેત્રે બિઝનેસ ડેવલપ કરી તેમાં નિપૂણતા કેવી રીતે હાંસલ કરી શકે ? તેનો અભ્યાસ કરી જાણકારી મેળવવા માટે ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્રયાસ કરવામાં આવે છે. જેના ભાગરૂપે ચેમ્બરના પ્રતિનિધી મંડળે સચિન

ખાતે આવેલી ઝીલિયોન એકસપોર્ટ કંપનીની ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ કરી હતી. આ ઇન્ડસ્ટ્રીયલ વિઝીટ માટે ચેમ્બરની ગારમેન્ટ કમિટીએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સૌપ્રથમ સારોલી સ્થિત પેકેજિંગ યુનિટસ અને ડિસ્પેચ વિભાગની મુલાકાત લીધી હતી. જ્યાં કંપનીના ઓનર દીપક શેટા દ્વારા વિડિયો પ્રેઝન્ટેશન રજૂ કરીને રેડીમેડ ગારમેન્ટને કેવી રીતે પેકીગ કરીને એકસપોર્ટ કરવામાં આવે છે ? તેના વિષે વિસ્તૃત સમજણ આપી હતી. તેમની કંપનીમાં ડોમેસ્ટીક તથા ગ્લોબલ માર્કેટમાં ચાલતા ફેશન ટ્રેન્ડ મુજબ રેડીમેડ ગારમેન્ટ તૈયાર કરવામાં આવે છે. ગારમેન્ટમાં વિવિધ ફેશન ડિઝાઇનીગ માટે ડિઝાઇનીગ સેકશન દ્વારા કરવામાં આવતી કામગીરી વિષે પણ તેમણે માહિતી આપી હતી.

આ કંપની દ્વારા રોજના અઢી લાખ રેડીમેડ ગારમેન્ટસ ડોમેસ્ટીક તથા ગ્લોબલ માર્કેટમાં એકસપોર્ટ કરવામાં આવે છે. એના માટે ૪ર જેટલા ઇ–કોમર્સ ઓનલાઇન પ્લેટફોર્મનો ઉપયોગ કરાય છે. તેમની કંપની દ્વારા મહિલા સશકિતકરણને પ્રોત્સાહન આપવામાં આવે છે, આથી તેમના પેકેજિંગ યુનિટસમાં ૮૦ ટકા મહિલા કર્મચારીઓ કામ કરે છે. પેકેજિંગ યુનિટસની મુલાકાત લીધા બાદ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે સચિન ખાતે આવેલી ઝીલિયોન એકસપોર્ટ કંપનીની મુલાકાત લીધી હતી. જ્યાં રેડીમેડ ગારમેન્ટ બનાવવાની તમામ પ્રક્રિયા વિષે જાણકારી મેળવવામાં આવી હતી.